ઈશરત કેસમાં અમિત શાહને ક્લીનચીટ

કોંગ્રેસના સિબ્બલ સહિતના નેતાઓના દાવાને મોટો ફટકો : સીબીઆઈએ ખાસ અદાલતમાં રજૂઆત કરી : ૯મીએ બંને પક્ષો વચ્ચે દલીલો પર સુનાવણી

અમદાવાદ, તા.૦૭

ઈશરત જહાં બનાવટી એન્કાઉન્ટર કેસમાં ગુજરાતના ભૂતપૂર્વ પ્રધાન અને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નજીકના સાથી અમિત શાહને આજે ક્લિનચીટ મળી ગઈ હતી. કારણ કે, સીબીઆઈએ અમદાવાદમાં મિરઝાપુર ખાતેની ખાસ કોર્ટમાં કહ્યું હતું કે, અમિત શાહની સામે કોઈપણ નક્કર પુરાવા નથી. અમિત શાહને સીબીઆઈએ ક્લિનચીટ આપતા હાલમાં જ હોબાળો મચાવી રહેલા કેન્દ્રિય પ્રધાન કપિલ સિબ્બલ સહિતના કોંગ્રેસી નેતાઓને પીછેહઠનો સામનો કરવો પડ્યો છે.

હાલ દેશમાં ચાલી રહેલ લોકસભા ચૂંટણીના માહોલમાં ભાજપ માટે આનંદના સમાચાર છે. ચકચારી ઈશરત જહાં નકલી એન્કાઉન્ટર કેસમાં મતૃક જાવેદ શેખના પિતા પ્રણેશ પિલ્લાઈ દ્વારા પૂર્વ પોલીસ કમિશ્નર કે.આર. કૌશિક અને ગુજરાત રાજ્યના તત્કાલીન ગૃહમંત્રી અમિત શાહને આરોપી બનાવવા દાખલ કરેલી અરજીમાં તપાસ એજન્સી સીબીઆઈએ પોતાના જવાબ રજુ કર્યો હતો. સીબીઆઈએ જણાવ્યું છે કે ઈશરત જહાં કેસમાં અમિત શાહ સામે પર્યાપ્ત પુરાવા નથી જેના આધારે તેમને કેસમાં આરોપી બનાવી શકાય નહીં. સીબીઆઈ દ્વારા દાખલ જવાબ પરથી એવું ચોક્કસ કહી શકાય કે સીબીઆઈએ રાજ્યના તત્કાલીન ગૃહમંત્રી અમિત શાહને ક્લીનચીટ આપી દીધી છે.

અમિત શાહને ઈશરત કેસમાં પ્રાથમિક ધોરણે ક્લીનચીટ મળતા ભાજપ પક્ષમાં ખુશીના સમાચાર ફેલાઈ ગયા છે. હવે આગામી ૯મી મે ના રોજ સીબાઈ કોર્ટમાં બંને પક્ષો વચ્ચે દલીલો થશે. ૧૫ જૂન ૨૦૦૪માં શહેરના કોતરપુર ટર્નીંગ પોઈન્ટ વિસ્તારમાં ગુજરાત પોલીસ અને આઈબીના અધિકારીઓ દ્વારા ઈશરત જહાં સહિત ચાર શખ્સોને નકલી એન્કાઉન્ટરમાં ઠાર મારી નાંખવામાં આવ્યા હતા. સીબીઆઈએ અત્યાર સુધી ઘણા ઉચ્ચ પોલીસ અધિકારી અને આઈબીના અધિકારીઓ સામે આરોપો ઘડી કાર્યવાહી કરી છે. પરંતુ સીબીઆઈએ તત્કાલીન ગૃહમંત્રી અમિત શાહ અને તત્કાલીન શહેર પોલીસ કમિશનર કે.આર. કૌશિકને આરોપી બનાવ્યા ન હતા. તેથી એન્કાઉન્ટરમાં માર્યા ગયેલ જાવેદ શેખ ઉર્ફે પ્રણેશ પિલ્લાઈના પિતા ગોપીનાથ પિલ્લાઈએ ઉપરોક્ત બંને જણાને આરોપી બનાવવા સીબીઆઈ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. જેના અનુસંધાનમાં તપાસ એજન્સી સીબીઆઈએ શહેરના મિરઝાપુર સ્થિત ખાસ સીબીઆઈ અદાલતમાં પોતાનો જવાબ રજુ કર્યો હતો.સીબીઆઈએ સ્ટેટસ રિપોર્ટમાં કહ્યું છે કે તત્કાલીકન અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરનું એફઆઈઆરમાં નામ છે પરંતુ ઈન્વેસ્ટિગેશન દરમ્યાન એન્કાઉન્ટર મામલે તેમની કોઈ ભૂમિકા હોવાનું દેખાતું નથી. ઉપરાંત સીબીઆઈએ ચાર્જશીટમાં તેમને આરોપી દર્શાવ્યા નથી. તેઓ આ કેસમાં સાક્ષી છે. બીજી તરફ અમિત શાહના સંદર્ભમાં સીબીઆઈએ જણાવ્યું છે કે તેમનું એફઆઈઆરમાં નામ નથી. ઉપરાંત ચાર્જશીટમાં પણ તેમને આરોપી બનાવવામાં આવ્યા નથી. તા. ૧ સપ્ટેમ્બર ૨૦૧૩ના રોજ આઈપીએસ ડીજી વણઝારા દ્વારા આપવામાં આવેલ રેઝીગનેશન લેટરમાં તેમણે અમિત શાહ સામે નામોલ્લેખ આરોપો લગાવ્યા નથી. વણઝારાએ ફક્ત જનરલ આરોપો વિશે લેટરમાં વાત કહી છે. અમે વણઝારાની આ સંદર્ભમાં જેલમાં જઈ પુછપરછ કરી હતી જેમાં વણઝારાએ કોઈ વધારાની માહિતિ આપી નથી કે તેમના વિશે કોઈ વાતચીત કરી છે. અમિત શાહ સામે પર્યાપ્ત પુરાવા નથી કે જેના આધારે તેમને આરોપી બનાવી શકાય. સીબીઆઈએ ખાસ અદાલતને સ્ટેટસ રિપોર્ટ ફાઈલ કરી અંતે કહ્યું છે કે કે.આર. કૌશિક અને અમિત શાહને આરોપી બનાવતી અરજી ડિસમીસ કરી દેવામાં આવે. સીબીઆઈ તરફથી દાખલ કરાયેલ સ્ટેટસ રિપોર્ટમાં આગામી ૯મી મે ના રોજ વધુ સુનાવણી હાથ ધરાશે અને બંને પક્ષો વચ્ચે સામસામે દલીલો થશે. હાલ ચૂંટણીના માહોલમાં તત્કાલીન અમિત શાહને સીબીઆઈ દ્વારા ક્લાનચીટ મળતા ભાજપ પક્ષમાં ખુશીનો માહોલ જામી ગયો છે.

રેડક્રોસ સેવા કાર્યોમાં સૌને જોડાવવાનું આહ્વાન કરતા રાજ્યપાલશ્રી

ગાંધીનગર, તા. ૭

ગુજરાતના રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ રેડક્રોસના માનવતાવાદી સેવા કાર્યોમાં સૌને જોડાવવા આહ્વાન કર્યુ હતું.

રાજ્યપાલશ્રીએ વિશ્વ રેડક્રોસ દિનની પૂર્વ સંધ્યાને રાજ્યના નાગરિકો જોગવાયુ સંદેશમાં જણાવ્યું હતું કે પ્રતિ વર્ષ ૮મી મે ના રોજ વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય રેડક્રોસ દિવસ મનાવવામાં આવે છે, જે રેડકોર્સ આંદોલનના સંસ્થાપક સર હેનરી ડુનાન્ટનો જન્મ દિવસ છે. આ વર્ષે વિશ્વ રેડક્રોસ/ રેડક્રિસેન્ટ દિવસની વિષય વસ્તુ 'મારી રેડક્રોસની ગાથા/ મારી રેડક્રિસેન્ટની ગાથા' નક્કી કરાઈ છે. જેનો મુખ્ય ઉદ્દેશ છે કે રેડક્રોસના તમામ કાર્યકર્તા, કર્મચારી તથા લાભાર્થીઓને તેમની રેડકોર્સથી જોડાયેલ ગાથાને તેમના મિત્રો-પરિવારજનોને જણાવવા માટે પ્રોત્સાહિત કરવાનો છે. આવી ગાથાઓ રેડક્રોસ સોસાયટી દ્વારા સામાન્યજનની જાણકારી માટે વ્યાપક સ્તર પર પ્રસાર કરવામાં આવશે. આવા પ્રયાસોથી લોકોમાં રેડક્રોસની સેવા કાર્યો વિશે જાણકારી વધશે અને તેની પ્રવૃત્તિઓ સંબંધમાં જાગૃતિ આવશે. આમ, રેડક્રોસની સામાજિક સેવાઓમાં જોડાવવામાં તેઓ પ્રેરિત થશે.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે ગુજરાત રેડક્રોસ સંસ્થા ઘણી મહત્વપૂર્ણ સેવાઓ પ્રદાન કરવામાં મોટી ભૂમિકા અદા કરી રહી છે. સ્વૈચ્છિક રક્તદાન, ચક્ષુદાન, દેહદાન, થેલેસિમીયા અને સિકલસેલ એનેમિયા નિયંત્રણ વગેરે સેવાઓ નિરંતર ચાલી રહી છે. તેમણે જણાવ્યું હતું કે રેડક્રોસ દ્વારા રાજ્યમાં ૧૪ સ્વૈચ્છિક રક્તદાન કેન્દ્રો સંચાલિત છે, જેનાથી લગભગ એક લાખ યુનિટ સુરક્ષિત રક્ત જરૂરતમંદ દર્દીઓને ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આ ઉપરાંત ૧૨ લાખ ઉપરાંત કોલેજના વિદ્યાર્થીઓનું થેલેસિમીયા તથા પાંચ લાખ વિદ્યાર્થીઓનું સિકલસેલ એનેમિયાનું પરિક્ષણ કરવામાં આવ્યું છે.

સંસ્થાના સેવાલક્ષી કાર્યો ઉપરાંત ૩૩ વરિષ્ઠજનોને 'વાત્સલ્ય' નિવાસની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે, એમ તેમણે જણાવ્યું હતું.

પ્રમુખ આર્કેટમાં આજરોજ ઈલેક્ટ્રીક સમારકામ કરી રહેલા ઈલેક્ટ્રીશ્યન શોર્ટસર્કીટને કારણે દાઝી જતાં ચહેરો અને હાથ ઝાદી ગયા હતા. તુરંત જ સ્થાનિકોએ ૧૦૮ને બોલાવી સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા. (તસવીર : કશ્યપ નિમાવત)

સોહરાબુદ્દીન કેસ : ૨૩ પૈકી ૧૭ આરોપીને જામીન મળ્યા

સોહરાબુદ્દીન કેસને વર્ષો વિતી ગયા હોવાથી તપાસ સંસ્થા સીબીઆઈને પણ વધારે રસ નહીં હોવાની લોકોમાં ચર્ચા

અમદાવાદ, તા.૦૭

સોહરાબુદ્દીન નકલી એન્કાઉન્ટર કેસમાં મહત્વના આરોપીઓ અભય ચુડાસમા, દિનેશ એમ.એન. અને એમ. પરમારને મુંબઈ હાઈકોર્ટે જામીન પર મુક્ત કરતા આ કેસમાં અત્યાર સુધી ૨૩ આરોપીઓમાંથી ૧૭ આરોપીઓ જામીન મેળવવામાં સફળ રહ્યા છે. સોહરાબુદ્દીન કેસને વર્ષો વીતી ગયા હોવાથી તપાસ એજન્સી સીબીઆઈને પણ કેસમાંથી રસ ઉડી ગયુંછે તેવું વલણ જોવા મળી રહ્યું છે. અમદાવાદ શહેરના નારોલ સર્કલ પાસે ગુજરાત પોલીસ દ્વારા સોહરાબુદ્દીન નામના શખ્સને નકલી એન્કાઉન્ટરમાં ઠાર મારી નાંખવામાં આવ્યો હતો. કેસ હાલ મહારાષ્ટ્રના મુંબઈ ખાતે ટ્રાન્સફર થયેલું છે.

આ કેસમાં મુખ્ય કાવતરાખોર અભય ચુડાસમા અને એન્કાઉન્ટરમાં અગત્યની ભૂમિકા ભજવનારા રાજસ્થાનના એસ.પી. દિનેશ એમ.એન. અને એમ. પરમારે મુંબઈ હાઈકોર્ટમાં જામીન અર્થે અરજી દાખલ કરી હતી. ઉપરોક્ત આરોપીઓને મુંબઈ હાઈકોર્ટે શરતી જામીન પર મુક્ત કરી દીધા છે. સોહરાબુદ્દીન એન્કાઉન્ટર કેસને વર્ષો વિતતા તપાસ એજન્સી સીબીઆઈ પણ ઢીલી પડી ગઈ એમ લાગી રહ્યું છે કેમ કે આ કેસના ૨૩ પૈકી ૧૭ આરોપીઓ જામીન મેળવવામાં સફળ રહ્યા છે બીજી તરફ રાજસ્થાનના બે પોલીસ હિમાશુંસિંઘ અને શ્યામસિંઘે જામીન મેળવવા કોર્ટમાં અરજી દાખલ કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે સોહરાબુદ્દીન એન્કાઉન્ટરની દાખલ થયેલ ચાર્જશીટમાં મુખ્ય કાવતરાખોર તરીકે અભય ચુડાસમા અનેકાવતરામાં સક્રિય ભૂમિકા ભજવનાર તરીકે દિનેશ એમ.એન. અને એમ. પરમારને દર્શાવ્યા છે. છતાં ઉપરોક્ત ત્રણેય અધિકારીઓને જામીન મળી ગયા છે.

પીએચ.ડી. ની પદવી મેળવી

ગાંધીનગર, તા.૭

ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કોલેજ ગાંધીનગરના હિન્દી વિભાગના એસોસિએટ પ્રોફેસર ડૉ. કીર્તિકમલ વાઘેલાના માર્ગદર્શન હેઠળ પંકજકુમાર ડી. પટેલ દ્વારા **'Sharad Joshi and Rabindranath tyagi's satire Literature A study'** વિષય પર મહાશોધ પ્રબન્ધ રજૂ કરતાં કડી સર્વ વિશ્વ વિદ્યાલય ગાંધીનગર દ્વારા માન્ય રાખી હિન્દી વિષયમાં પીએચડીની પદવી એનાયત કરી છે.

પાણીની ચોરી રોકવા નર્મદા કેનાલ પર એસઆરપી હશે

અમદાવાદ, તા.૦૭

સૌરાષ્ટ્ર અને કચ્છમાંથી પસાર થતી નર્મદા કેનાલમાંથી થતી પાણીની ચોરી અટકાવવા ગુજરાત સરકારે અનેક સ્થળોએ એસઆરપીનો બંદોબસ્ત ગોઠવ્યો છે. આ ઉપરાંત જ્યાંથી પાણીની ચોરી થવાની શક્યતાઓ છે તેવા કેનાલ વિસ્તારોમાં પણ એસઆરપીનું પેટ્રોલીંગ સઘન બનાવી દેવામાં આવ્યું છે તેમ રાજ્ય સરકારના પ્રવક્તા અને નાણાંમંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું.

પત્રકારો સાથે ઔપચારિક વાતચીત કરતા તેમણે જણાવ્યુંહ તું કે હાલમાં ઉનાળાની કાળઝાળ ગરમીમાં ક્યાંય પાણીની તંગીની ફરીયાદો વ્યાપક પ્રમાણમાં મળી નથી પરંતુ કેટલાક સ્થળોએ કેટલાક તત્વો નર્મદા કેનાલ કે પાણી પુરવઠા યોજના વગેરેની પસાર થતી પાઈપ લાઈનોમાંથી પાણીની ચોરી કરતા હોવાથી આ દૂષણ અટકાવવા રાજ્ય સરકારે એસઆરપીનો વધુ બંદોબસ્ત ગોઠવવાનો નિર્ણય કર્યો ચે જેમાં નર્મદા કેનાલ સહિત પાણી પુરવઠાની યોજોના વગેરે સ્થળોએ એસઆરપી ગોઠવવામાં આવશે તેમજ પેટ્રોલીંગ પણ સઘન બનાવવાની તાકીદ કરવામાં આવી છે.

તેમણે જણાવ્યું હતું કે સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં સ્થાનિક સંસ્તાઓ દ્વારા પાણી વિતરણ વ્યવસ્થામાં કેટલીક ક્ષતિ રહેતા ક્યાંક ક્યાંક સમસ્યાઓ સર્જાઈ હશે તે દૂર કરવા સ્થાનિક તંત્રને તાકીદ કરી દેવામાં આવી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે હાલમાં સિંચાઈ માટે પાણીની વધુ જરૂર ન હોવાથી મહત્તમ જથ્થો પીવાના પાણી માટે પૂરો પાડવામાં આવી રહ્યો છે. ગઈ કાલે સૌરાષ્ટ્રના કેટલાંક અગ્રણી નાગરીકો મને મળ્યા હતા અને પાણીની તંગી ન સર્જાય તે માટે ઘટતું કરવા સરકારે તેમને ખાતરી આપી હતી અને જ્યાં પાણી વિતરણની ખામી હશે તે દૂર કરી દેવાશે. એક પ્રશ્નના જવાબમાં તેમણે એમ પણ જણાવ્યું હતું કે સુરેન્દ્રનગરના ઘુડયર અભ્યારણને કારમે હજુ ત્યાંથી પસાર થતી કેનાલને પર્યાવરણ વિભાગથી મંજુરી મળી નથી પરંતુ ઘુડયર સરળતાથી અવા જવા કરી શકે અને તેમના માટે ખાસ પ્રકારના બ્રીજ બનાવવા ઉપરાંત કેનાલની બીજી તરફ જાળી વગેરેની ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે. અને ટૂંક સમયમાં જ પર્યાવરણ વિભાગની મંજુરી મળતા કામ શરૂ કરી દેવામાં આવશે. દરમિયાન તાજેતરની લોકસબાની ચૂંટણીમાં મહેસાણા બેઠકનું ચિત્ર કેવું રહ્યું તે વિશે પૂછતા તેમમે જણાવ્યું કે મહેસાણાની બેઠક ભાજપ ઓછામાં ઓછી ૫૦ હજાર મતની લીડથી જીતી જશે.

સે. ૨૩માં મફત વ્યંધત્વ નિવારણ કેમ્પ યોજાશે

આનંદ મેટરનીટી એન્ડ નર્સિંગ હોમ સેક્ટર-૨૩ ગાંધીનગરની રજત જયંતી વર્ષની ઉજવણી નિમિત્તે નિઃસંતાન દંપતિ માટે મફત વ્યંધત્વ નિવારણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૧-મે, રવિવાર સવારે ૯ થી ૨ કલાક સુધી આનંદ મેટરનીટી એન્ડ નર્સિંગ હોમ, ડૉ. વિષ્ણુ પટેલ પ્લોટ નં. ૪૮૫-એ, ઘ-૬ કોર્નર સેક્ટર-૨૩ ખાતે યોજવામાં આવેલ છે. કેમ્પમાં અમદાવાદની મધરહુડ હોસ્પિટલના નિષ્ણાંત ડૉ. રાજેશ પંજાબી, ડૉ. શિતલ પંજાબી અને ડૉ. આનંદ પટેલ દ્વારા નિદાન કરી જરૂરી માર્ગદર્શન આપવામાં આવશે. આ કેમ્પનો લાભ લેવા ઈચ્છુક દર્દીઓએ ૯૮૨૫૧-૯૮૩૮૧ તેમજ ૦૭૯-૨૩૨-૨૩૯૮૭ પર રજીસ્ટ્રેશન કરાવવા જણાવવામાં આવ્યું છે.

પેથાપુરના યુવાનો ભડિયાદમાં સેવા આપશે

ગાંધીનગર, તા.૭

ભડિયાદ ખાતે આવેલ હઝરત પીર મહેમુદશા બુકારી ધુમદાદા ધુમ બુખારીની મેદનીમાં પાણીની સુવિધા પુરી પાડવા માટે પેથાપુરથી ત્રણ ટ્રકો સાથે ૨૦૦ યુવાનો રવાના થયા છે. આ યુવાનો દ્વારા સેવા કેન્દ્રોમાં સેવા આપવામાં આવશે. તેમ હુસેની યંગ કમિટીના બાબુભાઈ મનસુરીએ જણાવ્યું છે.

પોષ્ટલ બેલેટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવશે. ચૂંટણીમાં વધુ ને વધુ મતદાન થાય તે માટે પંચે પોષ્ટલ બેલેટના નિયમોમાં થોડાક હળવા અને ફેરફાર પણ કર્યા હતા. જે ઉલ્લેખનીય છે. જે કર્મચારીઓ ચૂંટણીની કામગીરી સાથે સંકળાયેલા હતા તે કર્મચારીઓ ઉપરાંત સર્વિસ વોટર્સ દ્વારા પોષ્ટલ બેલેટથી મતદાન કરવામાં આવે છે.

ટુરિસ્ટ પોઈન્ટ તરીકે.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

સાદરા જક્ષણી માતાના મંદિર, વૈજનાથ મંદિર, અડાલજની વાવ, કોબા જૈન મંદિર સહિના સ્થળોને આવરી લેતો ગાંધીનગર દર્શન રૂટ પણ બનાવવા પ્રવાસન વિભાગને સૂચવવામાં આવ્યું છે

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગરમાં પ્રવાસીઓ માટે ફાઈવસ્ટાર હોટલના નિર્માણ માટેનું આયોજન પણ તૈયાર થઈ રહ્યું છે. જેમાં સરકાર સંયુકત સાહસ ક્ષેત્રે આગળ વધવું કે ખાનગી ક્ષેત્રને સોંપી દેવું તેના પર વિચારણા ચાલી રહી છે.

સચિવાલય સાથે સંકળાયેલા સૂત્રોના જણાવ્યાનુસાર ગાંધીનગર આમેય ટ્રાન્ઝીટ પોઈન્ટ તરીકે ડેવલપ થઈ ચુકયું છે એટલે તેને ટુરિસ્ટ પોઈન્ટ તરીકે રૂપાંતરિત કરવામાં તંત્રને બહુ અડચણો ઉભી થવાની શકયતાઓ નહિવત છે. માર્ચ ૨૦૧૫ સુધીમાં તમામ કામગીરી સંપન્ન થાય તે દિશામાં ગંભીરતાથી આગળ વધવામાં આવી રહ્યું છે. નાણાંકીય ફાળવણી માટે પણ આગામી સત્રમાં રજુ થનારા પૂર્ણ કદના બજેટમાં તેની જોગવાઈઓ કરી દેવામાં આવશે તેમ પણ આ સૂત્રોએ જણાવ્યું છે.

ઘડાકા સાથે આગ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. તાત્કાલિક પાવર સપ્લાય બંધ કરી દઈને ફાયરની ટીમે ફાયર એસ્ટીગ્યુઝરના બાટલા વડે પાવડરનો મારો ચલાવીને આગને થોડી જ ક્ષણમાં કાબુમાં લઈ લીધી હતી અને આગને વધુ ફેલાતા રોકી મોટું નુકશાન થતા બચાવી દીધું હતું. આ આગ દુર્ઘટનામાં સદભાગ્યે કોઈને ઈજા કે જાનહાની થવા પામી ન હતી. જો કે બિરસા મુંડા ભવનનો પાવર રૂમ તથા તેમાં પડેલા કેટલાક યુનિટ્સ બળીને ખાખ થઈ ગયા હતા. શોર્ટ સર્કિટથી આગ લાગી હોવાનું -નથમિક તપાસમાં જાણવા મળ્યું છે.

આતંક મચાવ્યો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભોગ બનતા બચી ગયા હતા. આજે બપોરે ૨ વાગ્યાના લંચ અવર્સમાં જુના સચિવાલય ખાતે એક હડકાયું કુતરું બેફામ બન્યું હતું. આરોગ્ય વિભાગ ની કચેરી સામે જ હડકાયા કુતરા એ ૩ વાગ્યા સુધીમાં ૮ જેટલા કર્મચારીઓને લસોટી લીધા હતા. ૮ જેટલા કર્મચારીઓને બચકા ભરીને ઘાયલ કરી રીતસરનો આતંક હડકાયા કુતરા એ મચાવી દેતા સમગ્ર સંકુલમાં હાહાકાર મચી જવા પામ્યો હતો. એક કલાકમાં જે કર્મચારીઓને હડકાયા કુતરાએ ગંભીર રીતે ઘાયલ કરી મુક્યા હતા તેમાં આરોગ્ય વિભાગના કર્મીઓનો પણ અમાવેશ થાય છે. કુતરાના વધી રહેલા આતંકને જોઈને ડાયરેક્ટર ઓફ એસ.સી. વેલ્ફેર ડીપાર્ટમેન્ટના ડ્રાયવર શિરાજ ખલીફા એ હિંમત કરીને કુતરાને પકડવાની કોશિશ કરી પણ તેમના હાથની લાકડી છટકી જતા કુતરું જાણે સિંહ શિકાર કરવા છાતી પર ચડી ગયું હોય તેમ ઉપર આવી ચડ્યું હતું અને બચકા ભરવાનું શરુ કરી દીધું હતું. એક પળ તો શિરાજને યમરાજ યાદ આવી ગયા હતા. તેમ છતાં હિંમત કરીને કુતરાનું જડબું ફીટ પકડી લઈ તમાશો જોઈ રહેલા અન્ય કર્મીઓને કુતરાને મારવા કહ્યું. રોષે ભરાયેલા કર્મીઓએ લાકડીઓ વડે કુતરાને મારી નાંખતા સમગ્ર પંથકમાં હાંશકારો ફેલાઈ ગયો હતો. ડ્રાઈવરને લોહીલુહાણ હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા. અન્ય કર્મચારીઓએ પણ ડ્રાયવરની હિંમતને દાદ આપી હતી.

ઈટાલીની સોફિયા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સાંભળીએ તો આશ્ચર્યથી મોં પહોળુ જ થઈ જાય ને... બહાર જતા પહેલા અને સુતા પહેલા 'જય અંબે' બોલવાની હવે તેને જાણે ટેવ થઈ ગઈ છે. નવરાત્રી દરમ્યાન મા જગદંબાની ભક્ત બની જનાર સોફિયા અંબાજીનો ગબ્બર માત્ર થોડીક જ મિનિટોમાં ચઢીને ઉતરી હતી. તે પોતાની સાથે ગળી વરીયાળી, માથામાં નાંખવાનુ ઘરે બનાવેલુ તેલ, સોન પાપડી, મહેંદીના કોન અને ચણીયાચોળી જેવી ચીજવસ્તુઓ સ્વરૂપે અહીંની યાદો સાથે લઈ જઈ રહી છે.

વિદાય જેવો માહોલ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બીના દેસાઈએ દિકરી તરીકે અપનાવી લીધી છે અને પરિવારમાં સંપૂર્ણપણે ભળી ગઈ છે ત્યારે તેનો અભ્યાસ પૂર્ણ થતા હવે તે પરત પોતાના મૂળ ઘરે ઈટાલી જઈ રહી છે. કૈરવ-બીના દેસાઈ માટે તો જાણે દિકરી વિદાયનો પ્રસંગ આવ્યો છે. કૈરવ અને બીના દેસાઈને સંતાન સ્વરૂપે એકમાત્ર દિકરો નિવિદ છે. કૈરવભાઈને કોઈ બહેન કે દિકરી ન હોવાનો છુપો અફસોસ ક્યારેક થતો હતો તે સોફિયાના આવવાથી દૂર થયો છે તેવુ કૈરવભાઈ કહે છે. દિકરી કેવી હોય, તેની લાગણી કેવી હોય, તેનો પ્રેમ કેવો હોય તે કૈરવભાઈ અને બીનાબેને સોફિયાના આવ્યા પછી અનુભવ્યુ છે. સોફિયા અને નિવિદના તોફાનમસ્તી, ટીખળ અને હસીમજાકથી આખુ ઘર આઠ મહિના સુધી ગુંજતુ રહ્યુ હતુ. નિવિદને તો સોફિયા સ્વરૂપે એક સારી પાર્ટનર, બહેન મળી ગઈ હતી. હવે જ્યારે તે પરત પોતાના દેશ પોતાના પરિવાર પાસે જઈ રહી છે ત્યારે કૈરવ અને બીના દેસાઈ માટે તો જાણે દિકરી વિદાયનો પ્રસંગ આવ્યો છે.

મહા મતદાન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ગેરરીતિની ફરિયાદ મળી છે. સીમાન્દ્રમાં ૭૪ ટકા જેટલું રેકોર્ડ મતદાન થયું છે. અગાઉ સવારે સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે મતદાનની શરૂઆત થઈ હતી. ચારે બાજુ મતદારોની લાંબી લાઈનો જોવા મળી હતી. કેટલીક જગ્યાએ સવારમાં ઓછી લાઈનો પણ રહી હતી.જમ્મુ કાશ્મીરના બારામુલ્લામાં પટ્ટાણ નજીક મતદાન મથક પર ગ્રેનેડ હુમલો કરવામાં આવતા મતદારોમાં ભારે દહેશત ફેલાઈ ગઈ હતી. જો કે તરત જ સુરક્ષા જવાનોએ મોરચા સંભાળી લીધા હતા. બીજી બાજુ સવારમાં જ તમામ સ્ટાર લોકો મતદાન કરવા માટે પહોંચી ગયા હતા. જેમાં ક્રિકેટર મોહમ્મદ કેફનો સમાવેશ થાય છે. કેફ સવારમાં તેની પત્નિ સાથે અલ્હાબાદમાં મતદાન કરવા માટે પહોંચી ગયો હતો. જમ્મુ કાશ્મીરમાં પણ લોકોની ભારે ભીડ જેવા મળી હતી. આજે મતદાનની સાથે જ કોંગ્રેસના રાહુલ ગાંધી, ભાજપ સ્મૃતિ ઈરાની અને એએપીના કુમાર વિશ્વાસના ભાવિ પણ સીલ થઈ ગયા હતા. આના માટેની તમામ તૈયારીઓ કરી લેવામાં આવી હતી. આઠમાં તબક્કામાં સાત રાજ્યોની ૬૪ બેઠકો માટે મતદાન થયું હતું. મતદાન સવારે સાત વાગે શરૂ થયા બાદ સાંજે છ વાગ્યા સુધી ચાલ્યું હતું બિહારના નક્સલવાદીગ્રસ્ત વિસ્તારમાં મતદાન સાંજે ચાર વાગે પૂર્ણ થઈ ગયું હતું. તમામ જગ્યાઓએ રેકોર્ડ મતદાન થાય તે માટે તમામ પ્રયાસો કરવામાં આવ્યા હતા. તમામની નજર રાહુલ ગાંધીના મતવિસ્તાર અમેઠી ઉપર કેન્દ્રિત હતી. ઉત્તરપ્રદેશની ૧૫ બેઠકો માટે મતદાન થયું હતું જેમાં અમેઠી, સુલ્તાનપુર, પ્રતાપગઢ, કોસાંબી, ફુલપુર, અલ્હાબાદ, ફૈઝાબાદ, આંબેડકરનગર, બહરાઈચ, કેસરગંજ, શ્રાવસ્તી, ગોંડા, બસ્તી, સંતકબીરનગર અને બદોહીનો સમાવેશ થાય છે. ઉત્તરપ્રદેશમાં ૨૪૩ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. આંધ્રમાં લોકસભાની ચૂંટણીની સાથે સાથે સીમાન્દ્રની ૧૭૫ વિધાનસભા બેઠકો માટે પણ મતદાન યોજાયું હતું. બિહારમાં ૧૧૮ ઉમેદવારોના ભાવિ સીલ થઈ ગયા હતા. પશ્ચિમ બંગાળની છ સીટો માટે ૭૨ ઉમેદવારના ભાવિ સીલ થઈ ગયા હતા. હજુ સુધીના સાત તબક્કામાં મતદાન શાંતિપૂર્ણ અને રેકોર્ડ રહ્યા બાદ હવે આઠમા તબક્કામાં ઉંચા મતદાનની આશા છે.આજે ઉત્તરાખંડની પાંચ, પશ્ચિમ બંગાળની ૬, હિમાચલ પ્રદેશની ૪, બિહારની સાત પર મતદાન થયું હતું. એકંદરે ૯૦૦ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. આ તમામ ઉમેદવારોના ભાવિ અંગે ૧૬મી એપ્રિલના દિવસે માહિતી મળશે. રાબડી દેવીની સામે ભાજપે રાજીવ પ્રતાપ રુડીને મેદાનમાં ઉતાર્યા છે. બિહારમાં લાલૂની પાર્ટી આરજેડી, નીતિશકુમારની જેડીયુ, ભાજપ અને કોંગ્રેસ વચ્ચે મુખ્ય સ્પર્ધા થશે. આજે બિહારમાં સાત બેઠકો ઉપર મતદાન યોજાયું હતું જે પૈકી પાંચ બેઠકો વર્ષ ૨૦૦૯માં જેડીયુ દ્વારા જીતી લેવામાં આવી હતી જ્યારે અન્ય બે બેઠકો સારન અને મહારાજગંજમાં આરજેડીની જીત થઈ હતી.

ગરમીનો પ્રકોપ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રહ્યા છે તેમજ શકય હોય ત્યાં સુધી નગરજનો બહાર નીકળવાનું ટાળી ઘર કે ઓફિસમાં જ ભરાઈ રહેવાનું પસંદ કરી રહ્યા છે.

બપોરના સમયે સૂર્યનો તાપ આકરો બનતા રોડ પર પેદા થતી ગરમીના કારણે લૂ લાગવાનો ભય પણ રહેલો હોઈ વાહનોની અવરજવર પણ ખૂબ જ ઓછી થઈ ગઈ હતી. બાઈક કે સ્કૂટર ચાલકોને જો બપોરે બહાર નીકળવું પડે તો હાથ અને મોં ના ભાગે કડું બાંધીને જ નીકળતા દેખાય છે. આવી કાળઝાળ ગરમીમાં નગરજનો ઠંડા થવા ઠંડા પીણા, આઈસક્રીમ, છાસ, શેરડીનો રસ, લીંબુ શરબત ઉપરાંત તરબૂચ જેવા ફળોનો સહારો લઈ રહ્યા છે.

ઢોરોનો અડ્ડો.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હરિયાળી લોન રખડતા ઢોર માટે ચારો બની રહી છે. જેના પરિણામે પાર્કમાં ગંદકીની સમસ્યા પણ ઉદ્દભવી છે. રાત્રી દરમિયાન સ્વર્ણિમ પાર્કના વિસ્તારમાં મીની ખાણી-પીણી બજાર અસ્તિત્વમાં આવતા ગંદકીનો પ્રશ્ન જટીલ બન્યો હોવાની બૂમ ઉઠવા પામી હતી. જેને ધ્યાને લઈને તંત્ર દ્વારા આ વિસ્તારમાંથી લારીગલ્લાના દબાણ દૂર કરવા કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું પણ જણાવાયુ છે. પરંતુ રખેવાળીના અભાવે સ્વર્ણિમ પાર્કમાં રખડતા ઢોરો ઘુસી જતા તંત્ર સામે વધુ એક પ્રશ્ન સામે આવીને ઉભો રહ્યો છે. કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલા આ પાર્કની સુંદરતા જાળવી રાખવા તંત્ર વધુ સતર્કતા દાખવે તેવી લોકમાંગણી પ્રબળ બની છે.

શબ્દાવલી - ૫૩૮૭

આડી ચાવી

૧. હવાલાદાર, સિપાહી (૩)
૫. ચર્ચા, ભાંજગડ (૨)
૭. ચળકાટ વાળુ, ભભકો (૬)
૯. કચરો, ગંદકી (૨)
૧૦. ફ્રુટસ, કેરી-કેળા વગેરે... કહેવાય (૨)
૧૧. પાંદડુ (૨)
૧૨. જંગલ, રાન (૨)
૧૩. મનુષ્યની વિચારણીની ઇન્દ્રિય (૨)
૧૪. જખમી, કામ કે પ્રેમની પીડિત (૩)
૧૫. મકાન, રહેઠાણ (૨)
૧૬. ભવિષ્ય કથન, ઓળખાણ (૪)
૧૮. કમરનું ઘરેણું, કટી... (૩)
૨૦. લપસવું (૪)
૨૧. ઘી કે તેલને ગરમ કરી તેમાં રાઇ મરચાં વગેરે નાખે તે (૩)

ઊભી ચાવી

૧. પોચટ, ઢીલુઢફ (૩)
૨. ... કડવો ખરો પણ ગુણકારી બહુ (૩)
૩. 'કસ' શબ્દ ઊંધો (૨)
૪. બ્લેન્કેટ, ધાબળો (૩)
૬. દશ માથાવાળો (૪)
૮. ઘટવું તે, ... કરવું (૩)
૧૧. તુચ્છ, હલકુ (૩)
૧૨. વલોપાત, હાયવોય (૫)
૧૪. ઢાલઘાલ, પ્રપંચ (૪)
૧૫. 'અવરોધ' શબ્દ આડોઅવળો (૪)
૧૭. સ્હેજ, જરાક (૩)
૧૯. જરૂરીયાત (૨)

શબ્દાવલી ૫૩૮૬ના જવાબ

આડી ચાવી :- (૧) પાલવ (૩) તાસીર (૫) તજવીજ (૭) રતન (૯) જનમત (૧૨) બર (૧૩) ખાલીખમ (૧૪) ચાલ (૧૫) વકરો (૧૮) ખટમલ (૨૦) સોમલ (૨૧) શાક

ઊભી ચાવી :- (૧) પાદર (૨) વતન (૩) તાવીજ (૪) સીજન (૬) સૂતર (૮) તકલીફ (૧૦) મબલક (૧૧) પમરાટ (૧૪) ચાવલ (૧૬) રોનક (૧૭) ફાસો (૧૮) ખલ (૧૯) મજા

ગુજરાત ઈકોલોજી કમિશન, ગાંધીનગર

ગુજરાત ઈકોલોજી કમિશન, ગાંધીનગરની કચેરીને ૨૪ કલાક માટે સીક્યુરીટી જવાન પુરા પાડવા માટે નોંધાયેલ એજન્સીઓ પાસેથી ભાવો મંગાવવામાં આવે છે.

ઉપરોક્ત કામગીરી માટે ટેન્ડર ફોર્મના રૂ. ૨૦૦/- રોકડા ભર્યેથી કમિશનની કચેરીના સમય દરમિયાન તા. ૨૧-૫-૨૦૧૪ સુધીમાં મળી શકશે.

ગુજરાત ગુજરાત ઈકોલોજી કમિશન,
બ્લોક નં. ૧૮, પહેલો માળ, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૧.
માહિતી/૩૨/૧૪-૧૫